Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 2 • Issue :36• Date : 26-12-2024 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

## હિમાચલ પ્રદેશ હિમવર્ષાથી ઘેરાયું : અટલ ટનલ પાસે ૪૦૦૦ મુસાફરો ફસાયા : ત્રણ નેશનલ હાઈવે બંધ થયા

એજન્સી દ્વારા

શિમલા

હિમાચલ પ્રદેશમાં ભયંકર હિમવર્ષા પડવાના કારણે ત્રણ નેશનલ હાઈવે બરફની ચાદર ફેલાઈ ગઈ છે, ૧૭૪ રોડ બંધ કરાયા છે, ૩૦૦ બસો સહિત ૧૦૦૦ વાહનો રસ્તા પર ફસાયા છે. અહીં સિઝનનો બીજો ભયાનક હિમપ્રપાત પડ્યો છે, જેના કારણે હિમાચલ વાસીઓની સાથે ત્યાં ગયેલા અનેક પ્રવાસીઓ ફસાઈ ગયા છે. અટલ ટનલ પાસે ૪૦૦૦ મુસાફરો ફસાઈ ગયા છે. હવામાન વિભાગે બિલાસપુર, ઉના, હમીરપુર અને મંડીમાં ભીષણ ઠંડી પડવાની આગાહી સાથે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આવી સ્થિતિમાં હિમાચલ પ્રદેશ જવાનું વિચારતા લોકો મુશ્કેલીમાં ફસાઈ શકે છે.

સોમવારે હિમાચલ પ્રદેશના ૫ જિલ્લામાં સિઝનની બીજી હિમવર્ષા નોંધાઈ હતી. રોહતાંગમાં સૌથી વધુ ૩૦ સેમી હિમવર્ષા થઈ છે. મનાલી, કુફરી, કીલોંગ, ડેલહાઉસી અને રાજધાની શિમલામાં ૧૦થી ૧૫ સેમી હિમવર્ષા નોંધાઈ છે. ઉપર આવેલો શિમલાનો વિસ્તાર અને કિન્નૌર રાજધાની શિમલાથી સંપર્ક વિહોણા થઈ ગયા છે. મનાલી રોહતાંગ નેશનલ હાઈવે પર ત્રણ રોડ બંધ થઈ ગયા છે. નારકંડા નેશનલ હાઈવે, થિયોગ-રોહરુ એનએચ અને થિયોગ-ચૌપાલ હાઈવે સહિત ૧૭૪થી વધુ રસ્તાઓ વાહનો માટે બંધ કરાયા છે. હિમવર્ષા બાદ મનાલી સહિત વિવિધ સ્થળોએ આ રસ્તાઓ પર ૩૦૦થી વધુ બસો અને ૧૦૦૦ નાના વાહનો તેમજ અન્ય સ્થળોએ ૧૦૦૦થી વધુ વાહનો ફસાયેલા છે. ૬૮૦ વીજળી ટ્રાન્સફર ઠપ થઈ ગઈ છે, જેના કારણે હજારો ઘરોમાં વીજળી ડૂલ થઈ ગઈ છે.

હિમાચલ પ્રદેશના મનાલીમાં ભારે હિમવર્ષાના કારણે મોટી સંખ્યામાં કાર ફસાઈ ગઈ હતી. જેમાં પ્રવાસીઓ સોલંગ, અટલ ટનલ, રોહતાંગની વચ્ચે કલાકો સુધી અનેક વાહનો ફસાઈ ગયા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, લગભગ આશરે એકાદ હજાર કાર લાંબા ટ્રાફિક જામમાં ફસાઈ ગઈ હતી. જ્યાર બાદ પોલીસે એક ઓપરેશન શરૂ કર્યું અને જામની સ્થિતિ પર કાબુ મેળવ્યો હતો.

સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલાં મનાલીના જામના વીડિયોમાં જોઈ શકાય છે કે, કેવી રીતે હિમવર્ષામાં મોટી સંખ્યામાં ગાડીઓ ફસાઈ હતી. પોલીસ તેને કાઢવાનો પ્રયાસ કરી રહી હતી. જણાવવામાં આવી રહ્યું છે કે, બરફથી ઢંકાયેલા પહાડોમાં નાતાલ અને નવા વર્ષની ઉજવણી કરવા આવતા પ્રવાસીઓના ધસારાના કારણે આ સ્થિતિ સર્જાઈ હતી.

હિમાચલ પ્રદેશમાં હિમવર્ષાના કારણે ગત ૨૪ કલાકમાં ૧૭૪ સ્ટેટ અને ૩ નેશનલ હાઈવે બંધ કરવામાં આવ્યા છે. વિજળી અને પાણીના પણ અમુક જિલ્લાના ડિવીઝનલ એરિયા કનેક્શન કાપવામાં આવ્યા છે. જ્યારે ૬ જિલ્લામાં ૬૮૩ સ્થળે વિજળી પ્રતિબંધિત છે. બદલાયેલા હવામાન અને હિમવર્ષાના કારણે જન સેવાઓ પ્રતિબંધિત છે. આપત્તિ માહિતી વિભાગે જિલ્લા અનુસાર રિપોર્ટ જાહેર કર્યો છે. સહેલાણીઓ માટે પણ એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે.

નોંધનીય છે કે, આ પહેલાં શિમલા બરફની ચાદરથી ઢંકાયેલું હતું, જેનાથી શહેરમાં નવી આશા અને ખુશીઓનું આગમન થયું હતું. ૮ ડિસેમ્બરે પહેલાં અહીં હિમવર્ષા થઈ હતી, બાદમાં બે અઠવાડિયા પછી ફરી હિમવર્ષા શરૂ થઈ, જેનો મુસાફરોએ આનંદ માણ્યો હતો. હિમવર્ષા સાથે જ સ્થાનિક પર્યટન ઉદ્યોગના ઉત્સાહને પણ ફરી જીવંત થયો છે, જે ર્ઝ્ફૈંહ-૧૯ મહામારીથી થયેલાં નુકસાનથી બહાર આવવાનો પ્રયાસ કરી રહ્યાં છે.

હિમાચલ પ્રદેશ જેવી સ્થિતિ ઉત્તરાખંડમાં પણ થવા લાગી છે. રાજયના ઘણા ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે. જોકે હિમાચલની તુલનામાં હજુ અહીં હિમવર્ષા ઓછી છે.

---

## ગીરના સાવજ હવે મધ્ય પ્રદેશના ભોપાલમાં જોવા મળશે

ભોપાલ

મધ્ય પ્રદેશ અને ગુજરાત વચ્ચે ૧૬ વર્ષ પછી સિંહ અને વાઘની અદલાબદલી થઈ હતી. ગુજરાતના ગીરમાંથી સિંહને ભોપાલ લાવવામાં આવ્યા હતા. જ્યારે મધ્ય પ્રદેશમાંથી વાઘને ગુજરાત મોકલવામાં આવશે. આવી સ્થિતિમાં ગુજરાતના સિંહોની ગર્જના મધ્ય પ્રદેશમાં સંભળાશે તો એમપીના વાઘ ગુજરાતમાં જોવા મળશે. આ મુદ્દા પર છેલ્લા ૧૬ વર્ષથી ચર્ચા થઈ રહી હતી, જેના પર હવે સહમતિ બની છે.

શનિવારે વન વિહાર રાષ્ટ્રીય ઉદ્યાનમાં સિંહ-સિંહણની નવી જોડી આવી પહોંચી હતી. તેને ગુજરાતના જૂનાગઢના સક્કરબાગ ઝૂ માંથી લાવવામાં આવી હતી. આ દંપતિના આગમન સાથે વન વિહારમાં સિંહની સંખ્યા વધીને પાંચ થઈ હતી. પ્રવાસીઓ જાન્યુઆરીથી આ સિંહોને જોઈ શકશે.

વન વિહારના નવ અધિકારીઓ અને કર્મચારીઓની એક ટીમ સિંહ દંપતીને લાવવા માટે જૂનાગઢ ગઈ હતી. ટીમ લગભગ ૧,૦૦૦ કિમીનું અંતર કાપ્યા બાદ શનિવારે સાંજે ૪:૩૦ વાગ્યે ભોપાલ પહોંચી હતી. વન વિહારમાં લાવવામાં આવેલા સિંહ અને સિંહણ લગભગ ત્રણ વર્ષના છે.

સિંહ-સિંહણની જોડીને વન વિહાર ખાતે ક્વોરન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે, જ્યાં તેમની સંભાળ લેવામાં આવશે. ૧૦ દિવસ સુધી ક્વોરન્ટાઈનમાં રહ્યા બાદ તેમને મુલાકાતીઓ જોવા માટે ખુલ્લી જગ્યામાં લાવવામાં આવશે. વન વિભાગ ૨૦૦૬થી આ સિંહો માટે ગુજરાત સરકાર સાથે વાટાઘાટો કરી રહ્યો હતો. ગુજરાત અહીં વાઘના બદલામાં વૃદ્ધ સિંહની જોડી આપી રહ્યું હતું. રાજ્ય સરકારે તેનો વિરોધ કર્યો હતો. વન વિભાગના વાંધાને પગલે આ પ્રોજેક્ટ અટકાવી દેવામાં આવ્યો હતો. લાંબી વાટાઘાટો પછી, ગુજરાત વન વિભાગ ત્રણ વર્ષના સિંહની જોડી આપવા સહમત થયો હતો.

## 5G સ્માર્ટ ફોનના મામલે ભારત ચીનથી પણ આગળ નીકળવાની તૈયારીમાં : રિપોર્ટ

મુંબઈ

ફાઈવ-જી સ્માર્ટ પોનના મામલે ભારત ચીનની નિકટ પહોંચી ગયું છે. ભારતે છેલ્લા ૧૨ મહિનામાં ફોર-જીથી ફાઈવ-જી સ્માર્ટફોન શિપમેન્ટમાં ચીન સાથેનું અંતર નોંધપાત્ર રીતે ઘટાડયું છે અને તેની નજીક પહોંચી ગયું છે. ભારતના કુલ સ્માર્ટફોન શિપમેન્ટમાં ફાઈવ-જી ફોનનો હિસ્સો ગત નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં ૫૭ ટકાથી વધીને ચાલુ નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં ૮૩.૪ ટકા થઈ ગયો છે. આ સમયગાળા દરમિયાન, ચીનની ફાઈવ-જી ફોન શિપમેન્ટ ૮૯.૫ ટકાથી વધીને ૯૫.૬ ટકા થઈ ગઈ છે.આ સમયગાળા દરમિયાન, ચીને ત્રિમાસિક ધોરણે કોઈ નોંધપાત્ર વધારો નોંધાવ્યો નથી. ભારતથી વિપરીત, ફાઈવ-જી ફોનનો ચીનનો હિસ્સો નાણાકીય વર્ષ ૨૦૨૪ના ત્રીજા ક્વાર્ટરમાં ૯૩.૨ ટકાથી ઘટીને ચોથા ક્વાર્ટરમાં ૮૯.૮ ટકા થયો હતો.ભારતમાં, નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં તમામ સ્માર્ટફોન શિપમેન્ટમાં ફાઈવ-જી ફોનનો હિસ્સો ૭૭ ટકા હતો, જેનો અર્થ છે કે અગાઉના ક્વાર્ટરની તુલનામાં બીજા ક્વાર્ટરમાં સાત ટકાથી વધુનો વધારો થયો છે.

ચાલુ નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં ૫જી સ્માર્ટફોન શિપમેન્ટ ૩.૮૪ કરોડ સુધી પહોંચી ગયું છે, જે કોઈપણ ક્વાર્ટરમાં સૌથી વધુ છે. આ એક ક્વાર્ટર પહેલાની સરખામણીએ ૪૩ ટકા અને એક વર્ષ અગાઉના સમાન સમયગાળાની સરખામણીમાં ૫૩ ટકાનો વધારો દર્શાવે છે.સ્માર્ટ પોનના મામલે ભારત ચીનની નિકટ પહોંચી ગયું છે. ભારતે છેલ્લા ૧૨ મહિનામાં ફોર-જીથી ફાઈવ-જી સ્માર્ટફોન શિપમેન્ટમાં ચીન સાથેનું અંતર નોંધપાત્ર રીતે ઘટાડયું છે અને તેની નજીક પહોંચી ગયું છે.ભારતના કુલ સ્માર્ટફોન શિપમેન્ટમાં ફાઈવ-જી ફોનનો હિસ્સો ગત નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં ૫૭ ટકાથી વધીને ચાલુ નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં ૮૩.૪ ટકા થઈ ગયો છે. આ સમયગાળા દરમિયાન, ચીનની ફાઈવ-જી ફોન શિપમેન્ટ ૮૯.૫ ટકાથી વધીને ૯૫.૬ ટકા થઈ ગઈ છે.આ સમયગાળા દરમિયાન, ચીને ત્રિમાસિક ધોરણે કોઈ નોંધપાત્ર વધારો નોંધાવ્યો નથી. ભારતથી વિપરીત, ફાઈવ-જી ફોનનો ચીનનો હિસ્સો નાણાકીય વર્ષ ૨૦૨૪ના ત્રીજા ક્વાર્ટરમાં ૯૩.૨ ટકાથી ઘટીને ચોથા ક્વાર્ટરમાં ૮૯.૮ ટકા થયો હતો.ભારતમાં, નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં તમામ સ્માર્ટફોન શિપમેન્ટમાં ફાઈવ-જી ફોનનો હિસ્સો ૭૭ ટકા હતો, જેનો અર્થ છે કે અગાઉના ક્વાર્ટરની તુલનામાં બીજા ક્વાર્ટરમાં સાત ટકાથી વધુનો વધારો થયો છે.

## તંત્રીની કલમે................

# મેલેરિયાની બિમારી સામે ભારત સફળ

હાલના સમયમાં નવી-નવી જોખમી બીમારીના મારથી દુનિયા આખી ચિંતિત છે, તેવામાં જૂની બીમારી મેલેરિયાની સામે ભારતે જંગમાં વિજય મેળવ્યો હોવાના આશાભર્યા અહેવાલ સામે આવ્યા છે. આમ તો આખી દુનિયામાં મેલેરિયાની બીમારીના વળતાં પાણી નોંધાઈ રહ્યાં છે, પણ ભારતે આ બીમારીના સંવેદનશીલ દેશોની યાદીમાંથી બહાર આવવામાં નોંધપાત્ર સફળતા મેળવી છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના વર્ષ ૨૦૨૪ના અહેવાલ મુજબ ભારતમાં મેલેરિયાના કેસમાં ૬૯ ટકાનો ઘટાડો નોંધાયો છે, તેની સાથોસાથ આ બીમારીથી થતા મોતનાં પ્રમાણમાં ૬૮ ટકાનો ઘટાડો થયો છે. ઉલ્લેખનીય છે કે, દેશના મેલેરિયાગ્રસ્ત રાજ્યોમાં ખાસ અભિયાન અને લોકજાગૃતિ ઝુંબેશ હાથ ધરાઈ, જેને લીધે આ સફળતા હાંસલ થઈ શકી છે.   ખાસ તો મેલેરિયાથી વધુ અસરગ્રસ્ત રાજ્યો પશ્ચિમ બંગાળ, ઝારખંડ, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં મેલેરિયા નાબુદી કાર્યક્રમોને યુદ્ધના ધોરણે અમલી બનાવાયા હતા. આ ઝુંબેશને લીધે ડબલ્યુએચઓ ભારતને આ રોગની સામે સફળ દેશોની યાદીમાં ભારતને સ્થાન આપ્યું છે. મેલેરિયા સામેની નવી રસીના આફ્રિકાના દેશોમાં કરાઈ રહેલાં પરીક્ષણનાં સારાં પરિણામ સામે આવી રહ્યાં છે. આ આવકારદાયક સ્થિતિમાં એવી આશા જાગી છે કે, દર વર્ષે દુનિયામાં મેલેરિયાથી થતા લોકોનાં મોતનાં પ્રમાણમાં હવે ઘટાડો થઈ શકશે. આ રસીના બીજ તબક્કાનાં પરીક્ષણનાં પરિણામ બતાવે છે કે, આ રસી સલામત છે અને રોગપ્રતિકારની મજબૂત ક્ષમતા ઊભી કરી શકે છે. આ રસીનો પ્રભાવ ૫૫ ટકા હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૭માં મેલેરિયાને લીધે ભારતમાં ૬૪ લાખ કેસ નોંધાયા હતા, જે ૨૦૨૩માં ઘટીને વીસ લાખ રહી ગયા હતા. વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલ મુજબ દક્ષિણ-પૂર્વ એશિયાના આઠ દેશ મેલેરિયાથી સૌથી વધુ અસર પામેલા હતા. આમાં ભારતની હાલત સૌથી વધુ પડકારભરી હતી. ખાસ તો વિશ્વની ચોથા ભાગની વસ્તી ધરાવતા ભારતમાં આ રોગને કાબૂમાં લેવો ભારે મુશ્કેલ જણાયો હતો, પણ લોકો સુધી સહજ અને સરળ ઈલાજ પહોંચાડવાની ઉપર ધ્યાન અપાતાં મેલેરિયાનું જોખમ સતત ઘટી રહ્યાંઅ છે. ભારત ઉપરાંત નેપાળ, બાંગલાદેશ અને ઈન્ડોનેશિયામાં મેલેરિયાનું પ્રમાણ ઘટ્યું છે, તો બીજી તરફ થાઈલેન્ડ, દક્ષિણ કોરિયા અને મ્યાંમારમાં આ રોગના કેસ વધી રહ્યા છે. હવે આ દેશો ભારતની જેમ મેલેરિયા સામે ઝુંબેશ ઉઠાવે એવી લાગણી ડબલ્યુએચઓએ વ્યક્ત કરી છે. નવી રસીના ઉત્સાહજનક પરિણામ મેલેરિયા સામેના જંગની સફળતા માટે ચાવીરૂપ બની રહેશે એવી આશા જાગી છે.

## CPIM નેતાનો ચોંકાવનારો દાવો

# વાયનાડમાં રાહુલ અને પ્રિયંકાની જીત પાછળ સાંપ્રદાયિક મુસ્લિમ ગઠબંધનનો હાથ

એજન્સી દ્વારા

વાયનાડ

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાયનાડ લોકસભા બેઠક પરથી જંગી મતોથી જીત્યા હતા. આ પછી શનિવારે કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસવાદી)ના એક સભ્યએ મોટો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું છે કે વાયનાડ લોકસભા બેઠક પરથી કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને તેમની બહેન પ્રિયંકા ગાંધીની જીત પાછળ સાંપ્રદાયિક મુસ્લિમ ગઠબંધનનો હાથ છે.



સુલતાન બાથેરીમાં CPI(M)ની વાયનાડ જિલ્લા પરિષદમાં બોલતા વિજયરાઘવને કહ્યું હતું કે, 'વાયનાડથી બે લોકો સંસદમાં ગયા છે, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી. કોમવાદી મુસ્લિમ ગઠબંધનના મજબૂત સમર્થનના સહારે તેઓ ગયો છે. તેમના સમર્થન વિના રાહુલ ગાંધી માટે દિલ્હી પહોંચવું અશક્ય હતું. તેઓ વિરોધ પક્ષના નેતા છે. પ્રિયંકા ગાંધીની રેલીઓની આગળ અને પાછળની લાઈનમાં કોણ હતા? લઘુમતીઓમાં સૌથી ખરાબ ઉગ્રવાદી તત્વો તેમની વચ્ચે હતા. મુસ્લિમો કોંગ્રેસના નેતૃત્વ સાથે હતા. શું સાંપ્રદાયિક મુસ્લિમ જોડાણના સમર્થન વિના રાહુલ ગાંધી માટે દિલ્હી પહોંચવું શક્ય હતું? એવો સવાલ તેમણે કર્યો હતો.

વિજયરાઘવે કોંગ્રેસ પાર્ટીને મુસ્લિમ સંગઠનો સાથે સાંઠગાંઠ ધરાવતા હોવાનો આક્ષેપ કર્યો હતો. કોંગ્રેસ પર વિજયરાઘવનો હુમલો ૨૦૧૪ની લોકસભા ચૂંટણી પછી પાર્ટી દ્વારા અપનાવવામાં આવેલી લાઈન સાથે મેળ ખાય છે. CPIMએ એપ્રિલમાં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં પેલેસ્ટાઈનનો મુદ્દો ઉઠાવીને મુસ્લિમ વોટ બેંકને આકર્ષવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, ચૂંટણી પરિણામોમાં હિંદુ મતદારોએ CPIMના નેતૃત્વવાળી એલડીએફને છોડી દીધી હતી. ત્યારથી, CPIM હિંદુ મતોને પોતાની તરફેણમાં જીતવાનો પ્રયાસ કરી રહી છે.

પલક્કડ, ચેલાક્કારા વિધાનસભા બેઠકો અને વાયનાડ લોકસભા બેઠક પર તાજેતરમાં યોજાયેલી પેટાચૂંટણીમાં ૐસ્નું આ વલણ સ્પષ્ટ જોવા મળ્યું હતું. તેમણે મુસ્લિમ રાજકીય સંગઠનો પર જોરદાર પ્રહારો કર્યા હતા. ગયા મહિને, વાયનાડ લોકસભા બેઠક પર મતદાન પહેલાં, પિનરાઈ વિજયને જમાત-એ-ઈસ્લામીને કોંગ્રેસ સાથે જોડવાનો પ્રયાસ કર્યો હતો.

# સાત કૃષિ કોમોડિટીના વાયદા પરના પ્રતિબંધને વધુ ૪૦ દિવસ લંબાવાયો

એજન્સી દ્વારા

મુંબઈ

સાત કૃષિ કોમોડિટીસના ડેરિવેટિવ્સ કોન્ટ્રેક્ટસમાં વેપાર પ્રતિબંધને સિક્યુરિટીસ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ ૩૧મી જાન્યુઆરી, ૨૦૨૫ સુધી લંબાવ્યો છે. પ્રતિબંધ માત્ર ૪૦ દિવસ સુધી જ લંબાવાતા આવતા વર્ષમાં પ્રતિબંધ ઉઠાવી લેવાશે તેવી ટ્રેડરોને અપેક્ષા છે.

સેબી દ્વારા જારી કરાયેલા નોટિફિકેશનમાં જણાવાયા પ્રમાણે, ડાંગર (નોન-બાસમતિ), ઘઉં, ચણા, સરસવ અને તેના ડેરિવેટિવ્સ, સોયાબીન અને તેના ડેરિવેટિવ્સ, ક્રુડ પામ ઓઈલ અને મગ પરના વાયદા વેપાર પરનો પ્રતિબંધ જે ૨૦મી ડિસેમ્બરે સમાપ્ત થઈ રહ્યો છે તેને ૩૧મી જાન્યુઆરી, ૨૦૨૫ સુધી લંબાવાયો છે. વાયદા વેપાર પરનો પ્રતિબંધ થોડાક સમય પૂરતું જ લંબાવાયો હોવાથી નવા વર્ષમાં તે ઉઠાવી લેવાશે તેવી ટ્રેડરોને આશા જાગી છે. ડિસેમ્બર, ૨૦૨૧માં સેબીએ પ્રારંભમાં પાંચ કૃષિ કોમોડિટીસ ઘઉં, સોયાબીન, ક્રુડ પામ ઓઈલ, ડાંગર અને મગના વાયદા વેપારને એક વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધા હતા. તે પહેલા ૧૭મી ઓગસ્ટ, ૨૦૨૧ના ચણા અને ૮મી ઓકટોબર, ૨૦૨૧ના સરસવ તથા સરસવ તેલના વાયદાને સસ્પેન્ડ કરાયા હતા. ત્યારબાદ સેબી આ વેપાર પ્રતિબંધને સતત લંબાવતું રહ્યું છે. કોમોડિટીના ભાવમાં સમયાંતરે આવતા ઉછાળા પર અંકૂશ રાખવાના ભાગરૂપ આ પ્રતિબંધ મુકાયા હોવાનું માનવામાં આવે છે. આ પ્રતિબંધ છતાં સદર કોમોડિટીસના ભાવમાં ભાગ્યે જ ઘટાડો જોવા મળ્યો હોવાનું બજારના સુત્રોએ જણાવ્યું હતું, જે કૃષિ કોમોડિટીસના ભાવ માગ-પૂરવઠાની સ્થિતિ પ્રમાણે વધઘટ થઈ રહ્યાનું સૂચવે છે, તેમ ટ્રેડરો દાવો કરી રહ્યા છે.

# ભારતના કામમાં કોઈ માથું ન મારી શકે : એસ. જયશંકર

નવી દિલ્હી

દેશની વર્તમાન વિદેશ નીતિ અંગે વિદેશમંત્રી એસ.જયશંકરે મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. તેમણે જણાવ્યું હતું કે, ''ભારત ક્યારેય પણ અન્યોને પોતાના વિકલ્પ પર વીટો લગાવવાની મંજૂરી આપી શકે નહીં અને રાષ્ટ્રીય હિત અને વિશ્વની ભલાઈ માટે જે પણ યોગ્ય હશે એ અનુરૂપતા માટે ડર્યા વિના કામ કરશે.''મુંબઈમાં એક વીડિયો મેસેજમાં વિદેશ મંત્રી એસ.જયશંકરે એમ પણ કહ્યું કે, જ્યારે ભારત વૈશ્વિક ચેતનામાં વધુ ઊંડાણ ધરાવે છે, તો તેના પરિણામ વાસ્તવમાં પ્રબળ હોય છે. બિનઆરોગ્યપ્રદ ટેવ, તણાવપૂર્ણ જીવનશૈલી કે જળવાયુને લીધે બનતી ઘટનાઓનો સામનો કરી રહેલા વિશ્વમાં ભારતના વારસામાંથી ખૂબ શીખી શકાય છે. પરંતુ દેશવાસીઓ તેમાંથી ગર્વ લેશે ત્યારે વિશ્વને તેની ખબર પડશે. આ સાથે જયશંકરે ઉમેર્યુ કે, વૈશ્વિકરણના યુગમાં, ટેકનોલોજી અને પરંપરાએ એક સાથે ચાલવું જોઈએ. ભારત ચોક્કસપણે પ્રગતિ કરશે, પરંતુ ભારતે પોતાની ભારતીયતા(મૂળ ઓળખ) ગુમાવ્યા વિના આવું કરવું પડશે. ત્યારે આપણે હકીકતમાં બહુધ્રુવીય વિશ્વમાં એક અગ્ર શક્તિ તરીકે ઊભરી શકશે. આ વીડિયો મેસેજમાં એસ.જયશંકરે કહ્યું કે, સ્વતંત્રતાને ક્યારેય પણ તટસ્થતાની સાથે ભ્રમિત કરવી જોઈએ નહીં. આપણે(ભારત) પોતાના રાષ્ટ્રીય હિત અને વૈશ્વિક ભલાઈ માટે જે પણ યોગ્ય હશે, એ કરશે, કોઈનાથી પણ ડર્યા વિના. ભારત ક્યારેય અન્યો(બીજા દેશોને)ને પોતાના વિકલ્પ પર વીટો લગાવવાની મંજૂરી આપી શકે નહીં. આ સાથે જયશંકરે ઉમેર્યુ કે, ભારત એક અસાધારણ રાષ્ટ્ર છે, કારણ કે આ એક સભ્યતાવાળો દેશ છે. આવો(ભારત) ત્યારે જ પ્રભાવ પાડી શકે છે, જ્યારે એ વૈશ્વિક ક્ષેત્રમાં પોતાની સાંસ્કૃતિક શક્તિઓનો સંપૂર્ણ લાભ ઉઠાવશે. એસ.જયશંકરને ૨૭માં એસઆઈઈએસ શ્રી ચંદ્રશેખર સરસ્વતી રાષ્ટ્રીય ઉત્કૃષ્ટતા પુરસ્કાર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. આ પુરસ્કાર ચાર ક્ષેત્રોમાં શ્રેષ્ઠત્તમ પ્રદાન કરવા બદલ આપવામાં આવે છે - જાહેર નેતૃત્વ, સામુદાયિક નેતૃત્વ, માનવ પ્રયાસ, સાયન્સ એન્ડ ટેકનોલોજી તથા સામાજિક નેતૃત્વ - જેમાં અધ્યાત્માવાદને પ્રાથમિકતા આપવામા આવે છે.

# રાજકોટમાં પોલીસકર્મીની હત્યાના આરોપીના સાક્ષીના ભાઈ પર હુમલો

રાજકોટ

રાજકોટમાં ડીજીની ક્રાઈમ કોન્ફરન્સ પત્યાના કલાકો થયા છે, અને ગુના નિયંત્રણની મોટી વાતો થઈ છે, ત્યાં જ આ કોન્ફરન્સ પૂર્વે જ પોલીસ કર્મચારીની હત્યાના આરોપી અને પેંડા ગેંગના સાગરિતે સાક્ષીના ભાઈ પર ખૂની હુમલો કરીને આતંક મચાવ્યાની ઘટના સામે આવી છે.

આરોપીઓએ હત્યાકેસના સાક્ષીના ભાઈ અને તેના મિત્રો પર છરી વડે હુમલો કરી કેસમાંથી ખસી જવા ધમકી આપી હતી. આ મામલે રાજકોટના કોઠારિયા ગામમાં ગોકુલ પાર્ક શેરી નં.૦૩માં રહેતાં રમેશભાઈ દેવરાજભાઇ ગજેરા (ઉ.૪૨)એ પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું હતું કે, ગત ૧૮મી ડિસેમ્બરે રાત્રીના દસેક વાગ્યાની આસપાસ તેઓ તેના મિત્ર દિવ્યેશભાઈ, દેવ ટાંક સહિતના મિત્રો કામ અર્થે ગોંડલ ચોકડી ખાતે દિવ્યેશભાઈની કાર લઇ ગયા હતા. આ વખતે રાજો જાડેજા, ચિરાગ ઉર્ફે બકાલી, અજાણ્યો ઇસમ તેમજ બીજા બાઈક પર ચંદ્રેશ ઉર્ફે ચંદો ગોહેલ, મિલન બાવાજી, દિનેશ કાંચો અને ત્રીજા બાઇકમાં પીયૂષ સોલંકી, મનિયો મિસ્ત્રી અને છોટુ બેસેલ હતા. આરોપીઓએ નજીકમાં પડેલ પથ્થર લઈ ગાડી પર છૂટા ઘા મારી ગાડીના કાચ ફોડી નાંખ્યા હતાં. દિવ્યેશને બકાલીએ છરીથી હાથમાં ઘા ઝીંક્યા હતા. દેવ ટાંકને પણ રાજા જાડેજાએ છરીનો ઘા ઝીંકતા મારામારીના કારણે દેકારો થતો હતો. જેથી રોડ પર માણસો ભેગા થવા લાગતા રાજાએ કહ્યું હતું કે, હવે આગળ કોઈ મારા કેસમાં નડતો નહી, નહીતર મારી નાખીશ તેવી ધમકી આપી ભાગી ગયા હતા.

બાદમાં મને અને મારા બે મિત્રોને લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે ખસેડાયા હતા.આજથી આઠેક વર્ષ પહેલાં રાજા જાડેજાએ પોલીસ કર્મચારી ભરત ગઢવીનું મર્ડર કર્યું છે. તેમાં તેમનો નાનો ભાઇ જિગ્નેશ નજરે જોનાર તાજનો સાક્ષી હોઇ જેણે રાજા વિરુદ્ધ કોર્ટમાં જુબાની આપી છે. જેનો ખાર રાખી રાજા જાડેજા અને તેના માણસોએ હુમલો કર્યો હતો.

# સુરતમાં વિદ્યાર્થીના પ્રવેશ બાબતે વાલીઓમાં રોષ જોવા મળ્યો

## RTE અંતર્ગત પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને LC આપવાની ધમકી આપવામાં આવી હતી

*પ્રતિનિધિ દ્વારા*

સુરત

સુરતમાં વિદ્યાર્થીના પ્રવેશ બાબતે વાલીઓમાં ભારે રોષ જોવા મળ્યો છે. સુરતના અડાજણ સ્થિત ભુલકાભવન સ્કૂલમાં નાલીઓએ પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. જેમાં RTE અંતર્ગત વિદ્યાર્થીઓના પ્રવેશ મામલે વાલીઓમાં નારાજગી ફેલાયેલી છે.તે સિવાય ભુલકાભવન સ્કૂલના સંચાલકોની દાદાગીરી હોવાનો વાલીઓએ આરોપ લગાવ્યો છે. RTE અંતર્ગત પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને LC આપવાની ધમકી આપવામાં આવી હતી. બીજીતરફ સ્કૂલનો આરોપ છે કે વિદ્યાર્થીઓએ RTE માં ખોટી આવક બતાવી એડમિશન લીધું હતું.

RTE માં ૧.૨૦ લાખ ની અવાક હોય તો વિદ્યાર્થીને એડમિશન મળે છે. બીજીતરફ સ્કૂલના સંચાલકોનું કહેવું છે કે વાલીઓની બેંક્રોમાં લાખો રૂપિયાની લોન ચાલે છે. તે સિવાય વાલીઓ વિદેશની ટ્રીપ પણ કરે છે. આમ વાલીઓ ગરીબી રેખા નીચે આવતા ન હોવાનો સ્કૂલ સત્તાવાળાનો આક્ષેપ છે. જેને કારણે સ્કૂલ LC આપવાની ધમકી આપી રહી છે.બીજીતરફ સ્કીલ દ્વારા તમામ આરોપોને પાયાવિહોણા ગણાવવામાં આવ્યા છે. ભુલકાભવન સ્કૂલના ટ્રસ્ટી મિનાક્ષીબેનના જણાવ્યા મુજબ વાલીઓના આરોપો તદ્દન પાયાવિહેણા છે. શરૂઆતથી જ ગવર્મેન્ટે ડેટા આપોયો છે તેની વિગતો માંગતા બહોઈએ છીએ. પરંતુ અમુક વાલીઓ વિગતો આપતા નથી. જેવા કે બેંક્ર સ્ટેટમેન્ટ અને ઈંક્રમટેક્સ રિટર્ન પેપર વાલીઓ આપતા નથી. તે સિવાય આ વાલીઓ સારા ફલેટમાં રહે છે અને ઈંક્રમટેક્સ પણ ભરે છે.

બીજીતરફ ગવર્મેન્ટ અમને રૂ.૧૩,૦૦૦ આપે છે. આમ ગવર્મેન્ટના પૈસા ખોટા જાય છે. અમે તો ગવર્મેન્ટને મદદ કરીએ છીએ. RTE માટે કોઈ વિરોધ નથી. અમારી સ્કૂલમાં હજી ૪૫ બાળકો ભણે છે.

સ્કીલના ટ્રસ્ટી સોનલબેન દેસાઈના જણાવ્યા મુજબ હાલમાં ૩૮ જેટલા બાળકો RTE હેઠળ ભણે છે. અમે આ અંગે ૧૧ ફાઈલો રજૂ કરી છે. જેમાં જે વાલીઓએ ડોક્યુમેન્ટ અમને બતાવ્યા હતા તેના કરતા ખોટા હતા. તે સિવાય બેંક્ર સ્ટેટમેન્ટમાં વધારે આવક છે. તેમના પગાર વધારે છે અને દિવાળી દરમિયાન વિદેશ પ્રવાસ પણ કરે છે. આ પ્રકારની ફાઈલો અમે રજૂ કરી છે. ઓનપેપર ડોક્યુમેન્ટ રજૂ કર્યા છે.

અમે હજીસુધી કોઈ વાલીને એલસી આપ્યું નથી, વાલીઓ વારંવાર આ મુદ્દો મિડીયામાં ચગાવે છે. તેમને લાઈમલાઈટમાં રહેવું છે. આ બધા ખોટી રીતે મેળવેલા એડમિશનો છે, એમ સોનલબેને વધુમાં જણાવ્યું હતું.

# ભરૂચ બળાત્કાર પીડિતા બાળકીનું આઠમાં દિવસે મોત

પ્રતિનિધિ દ્વારા

વડોદરા

ભરૂચના ઝઘડીયામાં ૧૦ વર્ષની બાળકી પર દુષ્કર્મ થયા બાદ બાળકીની વડોદરાની સયાજી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. પરંતુ આ બાળકી જિંદગી સામેનો જંગ હારી છે. દુષ્કર્મના આઠમાં દિવસે બાળકીનું મોત થયું છે. ડોક્ટરોએ બાળકીને બચાવવા માટે અનેક પ્રયાસો કર્યા હતા, પરંતુ આજે સાંજે બાળકીએ જીવ ગુમાવ્યો છે.

૧૬ ડિસેમ્બરે ભરૂચના ઝઘડિયામાં એક ૧૦ વર્ષીય બાળકી સાથે દુષ્કર્મની ઘટનાએ ગુજરાતીઓને હચમચાવી નાખ્યા હતા. આ બાળકીની છેલ્લા આઠ દિવસથી વડોદરાની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી અને તેની સ્થિતિ ગંભીર હતી. પરંતુ હવે આ બાળકી જીવન સામેનો જંગ હારી ગઈ છે. બાળકીનું આજે સારવાર દરમિયાન નિધન થયું છે.

ભરૂચના ઝઘડિયામાં ઝારખંડનો એક પરિવાર મજૂરી કામ કરતો હતો. તેની ૧૦ વર્ષીય બાળકી સાથે ૧૬ ડિસેમ્બરે ઝારખંડના જ એક વ્યક્તિએ દુષ્કર્મ આચર્યું હતું. દુષ્કર્મ આચરી બાળકીના પ્રાઈવેટ પાર્ટમાં આરોપીએ લોખંડનો સળિયો નાખી દીધો હતો. આ બાળકીને વધુ સારવાર માટે વડોદરાની સયાજીરાવ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. આ બાળકીનું સારવાર દરમિયાન મોત થયું છે. હોસ્પિટલમાં સારવાર દરમિયાન આ બાળકીને આજે બપોરે ૨ કલાકે કાર્ડિયાક એરેસ્ટ આવ્યો હતો. ત્યારબાદ સાંજે ૫.૧૫ કલાકે બીજો કાર્ડિયાક એરેસ્ટ આવ્યો હતો. સાંજે ૬.૧૫ કલાકે બાળકીએ જીવ ગુમાવ્યો હતો.પ્રાપ્ત વિગત અનુસાર બાળકીને છેલ્લા બે દિવસની અંદર ત્રણ બોટલ લોહી ચડાવવામાં આવ્યું હતું.. દુષ્કર્મનો ભોગ બનેલી દીકરીની સારવાર વડોદરાની સયાજી હોસ્પિટલમાં ચાલી રહી હતી. આ બાળકી બાળરોગ વિભાગમાં દાખલ હતી જ્યાં તેની બે વખત સર્જરી પણ કરવામાં આવી હતી. પરંતુ આ બાળકી ભાનમાં આવી નહોતી.

દુષ્કર્મની ઘટના બાદ આજે ચોથો દિવસ છે અને બાળકીની બે-બે સર્જરી થઈ હોવા છતાં પણ તેની સ્થિતિ નાજુક હોવાનું સામે આવી રહ્યું છે. પરંતું આ ઘટનાના સૌથી મોટા આરોપી દીકરીના માતાપિતા છે.

બાળકી સાથે એક મહિના પહેલા જ આ નરાધમે દુષ્કર્મ આચર્યુ હતું,

# ડે.મ્યુનિસિપલ કમિશનરના બાથરૂમના રિપેરિંગ પાછળ ૩૨ લાખ ખર્ચાયા

*અમદાવાદ*

*અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)એ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરના બંગલામાં બાથરૂમ્સ, ટોઈલેટ્સ અને અન્ય રિપેરિંગ પાછળ ૩૨.૨૨ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે. સિવિક બોડી દ્વારા તાજેતરમાં જ છસ્ઞ્ની સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ લો ગાર્ડન વિસ્તારમાં આવેલા બંગલા નંબર-૫માં કરવામાં આવેલા રિપેરિંગ ખર્ચની વિગતો રજૂ કરી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મેયર, મ્યુનિસિપલ કમિશનર અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને અમદાવાદના પોશ ગણાતા લો ગાર્ડન વિસ્તારમાં બંગલા ફાળવ્યા છે. નવા સભ્યો આ બંગલામાં રહેવા માટે આવે તે પહેલા તેમાં રિપેરિંગ કામ કરવામાં આવતું હોય છે.ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન(GPMC) એક્ટ પ્રોવિઝન 73(D) હેટળ મ્યુનિસિપલ કમિશનર સ્ટેન્ડિંગ કમિટીની પૂર્વ મંજૂરી વગર ૩૦ લાખ રૂપિયા સુધીના કામોને મંજૂરી આપવાની સત્તા ધરાવે છે. એક વખત કામ થઈ ગયા બાદ કામના સ્ટેટમેન્ટને ઔપચારિક મંજૂરી માટે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવે છે.AMCના જણાવ્યા પ્રમાણે ૧૦ એપ્રિલે મ્યુનિસિપલ કમિશનર દ્વારા બંગલા નંબર-૫ માટે ચાર અલગ-અલગ પ્રપોઝલ મંજૂર કરવામાં આવી હતી. જેમાં બંગલા નંબર-૫માં ફર્સ્ટ ફ્લોર પર આવેલા બાથરૂ રિપેરિંગના ૨.૪૯ લાખ રૂપિયા, ૨૪.૮૬ લાખ રૂપિયા ગ્રાઉન્ડ ફ્લોર ટોઈલેટ માટે, જૂની લોખંડની પાઈપના બદલે PVC પાઈપ લગાવવાના અને ૨.૪ લાખ રૂપિયા ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા બાથરૂમના રિપેરિંગ માટેના પ્રપોઝલનો સમાવેશ થાય છે. ટેન્ડર દ્વારા એક જ કોન્ટ્રાક્ટર દ્વારા આ તમામ કામ કરવામાં આવ્યા હતા.*

*AMCએ લૉ ગાર્ડન ખાતેના વિવિધ સત્તાવાર બંગલોના પોર્ચ વિસ્તારોમાં નવા રોલર બ્લાઈન્ડ કર્ટેન્સ પાછળ ખર્ચવામાં આવેલા ૧.૦૫ લાખ રૂપિયાની વિગતો પણ આપી હતી. AMC ટોચના અધિકારીઓને ફાળવવામાં આવેલા વિવિધ બંગલાઓમાં ડ્રોઈંગ રૂમ, રસોડા અને અન્ય વિસ્તારોમાં જૂના પડદાને રોલર બ્લાઈન્ડ્સ સાથે બદલવા માટે બીજા ૧.૦૪ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો.*

*અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન નિયમિતપણે વિવિધ ઝોનમાં પ્રોવિઝન 73(D) હેઠળ કરોડો રૂપિયાના નોંધપાત્ર કામો કરે છે અને ત્યારબાદ સ્ટેન્ડિંગ કમિટીને અહેવાલ આપે છે. જ્યારે મોટા કામો માટે આ જોગવાઈ હેઠળ પ્રારંભિક મંજૂરી લેવામાં આવે છે, જ્યારે પાંચથી ૧૦ લાખ રૂપિયાના કેટલાક નાના પ્રોજેક્ટ્સ માટે સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરીની જરૂર પડે છે.*

*અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને લગભગ પાંચ વર્ષ પહેલાં લો ગાર્ડન વિસ્તારમાં આવેલા મેયર અને કમિશનરના બંને બંગલાઓના રિનોવેશનની કામગીરી હાથ ધરી હતી. મ્યુનિસિપલ કમિશનરના બંગલાના રિનોવેશન પાછળ બે કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. જોકે તેના માટે નવેસરથી ટેન્ડર બહાર પાડવામાં ન હતું આવ્યું પરંતુ બિલ્ડિંગ રિનોવેશન માટે પશ્ચિમ ઝોનના એન્જિનિયરિંગ વિભાગના હાલના દરના કોન્ટ્રાક્ટનો ઉપયોગ કર્યો હતો.*

# PMJAYને લઈ રાજ્ય સરકાર જાહેર કરી નવી SOP

પ્રતિનિધિ દ્વારા
ગાંધીનગર

રાજ્યમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના માન્ય હોસ્પિટલમાં કૌભાંડની ઘટના બાદ સરકાર ઓચિંતા જાગી છે. અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં યોજના હેઠળ કૌભાંડ આચરાયાનો પર્દાફાશ થયા બાદ સરકારે યોજનાને લઈ નવી **SOP** તૈયાર કરી છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાની નવી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર જાહેર કરી હતી. નવી **SOP**માં આ યોજના સાથે સંકળાયેલી હોસ્પિટલમાં હૃદય રોગના નિષ્ણાંત તબીબો ફૂલટાઈમ રાખવા પડશે. અગાઉ હૃદયરોગના નિષ્ણાંત તબીબો પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સાથે સંકળાયેલી એક સાથે ત્રણ હોસ્પિટલમાં સેવા આપી શકતા હતાં. તો એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી જે દર્દીની કરવામાં આવે તેના પરિવારજનો ઉપરાંત આરોગ્ય વિભાગને પણ પુરાવા રૂપે સીડી આપવાની રહેશે.

આ ઉપરાંત નવી **SOP**માં ઈમરજન્સી કેસમાં હોસ્પિટલને માત્ર એન્જિયોપ્લાસ્ટીની જ મંજૂરી આપવાની જોગવાઈ કરવામાં આવી છે. તો હોસ્પિટલમાં કાર્ડિયાક ઓપરેશન થિયેટર હોવું પણ ફરજિયાત બનાવાયું છે. આ ઉપરાંત હૃદયરોગની સારવાર માટેની હોસ્પિટલમાં ઓછામાં ઓછા બે વેન્ટિલેટર સાથેના **ICU** ફરજિયાત બનાવાયા છે. તો આ **ICU** સેન્ટ્રલ ઓક્સિજન સિસ્ટમ સાથે કાર્યરત હોવા જોઈએ તેવી પણ જોગવાઈ નવી **SOP**માં કરવામાં આવી છે.

નવી માર્ગદર્શિકા અનુસાર, હોસ્પિટલોએ ફૂલટાઈમ કાર્ડિયાક એનેસ્થેટિક રાખવા પડશે. તે સિવાય હોસ્પિટલોએ ફૂલટાઈમ ફિઝીયોથેરાપિસ્ટ રાખવા આવશ્યક રહેશે. ઈમરજન્સીમાં ફક્ત કાર્ડિયોલોજીની સેવાઓ આપતા સેન્ટર એન્જિયોપ્લાસ્ટી કરી શકશે. એન્જિયોગ્રાફી, એન્જિયોપ્લાસ્ટીની **CD** પ્રિ-ઓથ સમયે અપલોડ કરવી પડશે. ઈમરજન્સીના કેસમાં ઝહ્ઠ-વીડિયોગ્રાફી સારવાર બાદ અપલોડ કરવાની રહેશે. કેન્સરની વિવિધ સારવાર માટે રાજ્ય સરકારે બનાવી નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. કેન્સરની સારવાર માટે **TBC** દર્દીનો ટ્રીટમેન્ટ પ્લાન નક્કી કરશે. ટ્યુમર બોર્ડ સર્ટિફિકેટ અપલોડ કરવાનું ફરજીયાત રહેશે.

સરકારની નવી માર્ગદર્શિકા અનુસાર, કેન્સરના દર્દીની જરૂરિયાત મુજબની યોગ્ય સારવારનો પ્લાન નક્કી કરવા માટે મેડીકલ ઓક્રોલોજિસ્ટ, સર્જીકલ ઓક્રોલોજિસ્ટ અને રેડિયેશન ઑક્રોલોજિસ્ટની સંયુક્ત પેનલ ટ્યુમર બોર્ડ તરીકે નિર્ણય લઇ **TBC** (ટ્યુમર બોર્ડ સર્ટિફિકેટ) માં દર્દીનો ટ્રીટમેન્ટ પ્લાન નક્કી કરશે. **TBC**(ટ્યુમર બોર્ડ સર્ટિફિકેટ) અપલોડ કરવાનું ફરજીયાત રહેશે. દર્દીને કેન્સરની યોગ્યત્તમ સારવાર મળી રહે તે માટે **IGRT** (ઈમેજ ગાઈડેડ રેડિએશન થેરાપી) માં **CBCT** (કોન બીમ કોમ્પ્યુટેડ ટોમોગ્રાફી સિસ્ટમ) ઈમેજ **KV** (કિલો વોટ) માં જ લેવાનું ફરજીયાત કરવામાં આવ્યું છે. વધુમાં આ થેરાપી ક્યા કયા ટ્યુમરમાં કરી શકાશે તેની પણ વિગતવાર ગાઇડલાઇન બનાવવામાં આવી છે.

કેન્સરની ટ્રિટમેન્ટ માટેની રેડિયેશન થેરાપીમાં યોગ્ય સારવાર અને પેકેજીસ પસંદગીની સુગમતા રહે તે માટે રેડિયેશનના પેકેજીસમાં જરૂરી સુધારા કરવામાં આવ્યા છે. મહીલાઓમાં જોવા મળતા કેન્સર જેવા કે, ગર્ભાશયના મુખનું કેન્સર, યોનીમાર્ગનું કેન્સર કે અન્ય કેન્સર જ્યાં બ્રેકીથેરાપી જરૂરી હોય, તેવા કિસ્સાઓમાં જે હોસ્પિટલ પાસે બ્રેકી થેરાપીની સગવડ છે, ત્યાં જ **PMJAY** અંતર્ગત સારવાર આપવાની રહેશે, બ્રેકી થેરાપી માટે હોસ્પિટલનું ટાઈ-અપ ચલાવવામાં આવશે નહીં. રેડિયોથેરાપી મશીન માટે નક્કી થયેલ ક્વોલિટી કન્ટ્રોલના માપદંડનું પાલન કરી હોસ્પિટલે રેકોર્ડ નિભાવવાનો રહેશે.

નિયોનેટલ કેર અને ખાસ કરીને બાળકોને આઇ.સી.યુ.માં આપવામાં આવતી સારવાર અંગેની જુદી-જુદી રજૂઆતો ધ્યાને આવતા નવીન માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે.

**NICU/SNCU** (નિયોનેટલ ઈન્ટેન્શિવ કેર યુનિટ / સ્પેશિયલ ન્યુબોર્ન કેર યુનિટ)માં બાળકોને ગુણવત્તાસભર સારવાર સુનિશ્ચિત કરવા માટે હોસ્પિટલે ફરજિયાત પણે માતાઓની પ્રાઇવસી સચવાય તે ધ્યાને લઇને **CCTV** ઈન્સટોલેશન કરવાનું રહેશે.

**THO** દ્વારા સમયાંતરે **NICU**ની મુલાકાત લઈ રિપોર્ટ **SHA**ને સબમિટ કરવાનો રહેશે. ઓનલાઈન વિઝિટ મોડ્યૂલ પોર્ટલ ટુંક સમયમાં જ કાર્યરત થશે, જેથી દરેક વિઝિટને અસરકારક રીતે મોનિટર કરવામાં આવશે.

બાળકોને રાઉન્ડ ધ ક્લોક સારવાર મળી રહે તે માટે નિઓનેટલ સ્પેશ્યાલિટીમાં એમ્પેનલમેન્ટ માટે ફૂલ ટાઈમ પીડિયાટ્રિશયન ફરજિયાત કરવામાં આવેલ છે.

પીડિયાટ્રિક હોસ્પિટલ માટેની યોજનાની માર્ગદર્શિકાના ધારા-ધોરણ મુજબ દર્દીના બેડ પ્રમાણે નર્સિંગ સ્ટાફ રાખવાનો રહેશે.

યોજના હેઠળ **TKR THR** ઓપરેશન કરતી હોસ્પિટલોએ "ઓર્થોપેડીક અને પોલીટ્રોમા(અકસ્માત)"ના કેસોની પણ સારવાર પણ આપવાની હોવાથી "ઓર્થોપ્લાસ્ટી **(TKR/THR)"**નાં ઓછામાં ઓછા ૩૦ ટકા "ઓર્થોપેડીક અને પોલીટ્રોમા(અકસ્માત)"ના કેસોને સારવાર આપવાનું ફરજીયાત કરેલ છે.

જેમાં ઉક્ત રેશીયોનું પાલન ન થાય તો હોસ્પિટલને પેનલ્ટી કરવામાં આવે છે. યોજના અંતર્ગત જોડાયેલ કુલ ૭૫ હોસ્પિટલને ૩.૫૧ કરોડ રૂપિયાની **TKR** અંતર્ગત પેનલ્ટી કરવામાં આવેલ છે.

---

*આક્રોશમાં રસ્તા પર ઉતર્યા લોકો*

## અમદાવાદમાં બાબાસાહેબની પ્રતિમાને તોડી ખંડિત કરાઈ

પ્રતિનિધિ દ્વારા
અમદાવાદ

અમદાવાદમાં બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા ખંડિત કરાતા ધમાસાણ મચ્યું છે. અમદાવાદના ખોખરામાં બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યુને નુકસાન થતા લોકોમાં રોષ ફેલાયો છે. સ્થાનિકોએ રસ્તા વચ્ચે બેસી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

બાબા સાહેબની પ્રતિમાને ખંડિત કરનારને પકડવા માંગ કરાઈ છે. ઘટનાની જાણ થતા શહેર કોંગ્રેસ પ્રમુખ હિંમતસિંહ પટેલ અને ભાજપનાં ધારાસભ્ય અમુલ ભટ્ટ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. સ્થાનિકોએ પ્રતિમાને ફરીથી પ્રસ્થાપિત કરવામાં આવે તેવી માંગ કરી છે. પોલીસે અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસે CCTV ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે. અમદાવાદના ખોખરામાં બાબાસાહેબ આંબેડકરની મૂર્તિને ખંડિત કરવામાં આવી છે. જયંતિ વકીલની ચાલીની બહાર ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાના નાકને અસામાજિક તત્વોએ તોડી નાખતા સ્થાનિક લોકોમાં રોષ ફેલાયો છે. સ્થાનિકોએ વિરોધ દર્શાવતા જ ખોખરા પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આ મામલે અમદાવાદ શહેર પ્રમુખ હિંમતસિંહ પટેલે જણાવ્યું કે, બાબા સાહેબની પ્રતિમાને ખંડિત કરવાનો પ્રયાસ કર્યો છે. પોલીસ કમિશનર સાથે વાત કરી છે. આવા તત્વોને કડક સજા કરવાની માંગ કરી છે. બાબાસાહેબ મૂર્તિની જગ્યાએ નવી મૂર્તિ સ્થાપના કરવામાં આવશે. તેઓ દેશના સંવિધાનના પ્રણેતા છે. દેશના ૧૫૦ કરોડ લોકોની લાગણી જોડાયેલી છે. શાંત વાતાવરણને ડહોળવાનો પ્રયાસ અમુક તત્વો કરી રહ્યાં છે. તો ભાજપનાં ધારાસભ્ય અમુલ ભટ્ટ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતાં. તેઓએ સ્થાનિક રહીશોને તેઓએ ખાતરી આપી હતી કે ૨૪ કલાકમાં આરોપીઓ પકડાઈ જશે.

*ત્રણ અધિકારીઓને પાઠવી નોટિસ*

## અમદાવાદમાં હેરિટેજ દીવાલ તોડી પડાઈ, મ્યુનિ. કમિશનર જ અજાણ

એજન્સી દ્વારા
અમદાવાદ

ભારતની પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો અમદાવાદનેઆપવામાં આવ્યો છે. પરંતુ બિરૂદ જાળવવામાં શહેર કોર્પોરેશન નિષ્ફળ નિવડ્યું હોવાનું સામે આવતા તંત્રમાં ખળભળાટ મચી ગયો છે.

ગીતામંદિર બસસ્ટેન્ડ પાસે આવેલી વર્ષો જૂની દીવાલ તોડી પડાતાં મ્યુનિ. કમિશ્નરે ડેપ્યુટી કમિશ્નરને નોટિસ પાઠવી ખુલાસો માંગ્યો છે.

મળતી માહિતી અનુસાર, અમદાવાદ શહેર મધ્ય ઝોનમાં આવેલા ગીતામંદિર પાસેના એસટી સ્ટેન્ડનું કરોડોના ખર્ચે નવીનીકરણ કરાયું ત્યારબાદ કોન્ટ્રાક્ટરને ગીતામંદિરથી આસ્ટોડિયા દરવાજા-કાલુપુર તરફ જવાના રોડ પરના બસ સ્ટેન્ડનું પણ નવીનીકરણ કરવાનો પ્રોજેક્ટ સોંપવામાં આવ્યો હતો. મહત્વનું છે કે બસ સ્ટેન્ડની પાછળની બાજુએ જૂની દીવાલને હેરિટેજમાં સમાવી શકાય તે પ્રકારની હતી. અહીં એએમસીએ (અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન) આશાભીલનાં નામે બગીચાનું નિર્માણ કર્યુ હતું. નવું બસ સ્ટેન્ડ બનાવવા અહીં પાયા ખોદતી વખતે વાવ કે પાણીના ટાંકા જેવું બાંધકામ મળી આવ્યું હતું જેથી આ મામલે હેરિટેજ ખાતાના અધિકારીઓએ પણ તપાસ કરી હતી તેમ જાણવા મળ્યું હતું. ત્યારે હવે મ્યુનિ. વિપક્ષના કોંગ્રેસના નેતાએ સ્થળ પર મુલાકાત લઈ તંત્ર દ્વારા ૨૦૦ વર્ષ જૂની હેરિટેજ દીવાલને તોડી પાડવામાં આવી હોવાનો આક્ષેપ કર્યો હતો. જોકે, તેમને લડત ચાલુ રાખી નહોતી. તો સાથે એવું પણ ચર્ચાઈ રહ્યું છે કે એસ.ટી. સ્ટેશનના કોન્ટ્રાક્ટરને લાભ કરાવવાના હેતુથી પ્રાચીન દીવાલને તોડી પાડવામાં આવી હતી. અનુસંધાને અમદાવાદ મ્યુનિ. કમિશ્નરે રમ્યકુમાર ભટ્ટ, મિલન શાહ અને ચિંતન એન્જીનિયરને નોટિસ પાઠવી હતી. નોટિસમાં જણાવ્યું હતું કે ૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ દીવાલ તોડી પાડવામાં આવી હતી તેનો ખુલાસો કરવાનું કહ્યું છે. આ અંગે વિજિલન્સ તપાસ પણ સોંપવામાં આવી હતી, તો સામે આવ્યું કે મ્યુનિસિપલ કમિશ્નરને કોઈ જાણ કરાઈ નથી. ગેરશિસ્ત આચરતા ત્રણેય અધિકારી વિરૂદ્ધ ખાતાકીય તપાસ જીપીએમસી એક્ટ કલમ ૫૬ બાબતે શિક્ષાત્મક કાર્યવાહી કેમ ન કરવી તેનો ખુલાસો માગ્યો છે. તો મળતી માહિતી મુજબ અધિકારીઓએ જવાબ આપી દીધો છે એવું પણ સૂત્રો તરફથી જાણવા મળ્યું છે કે આ દીવાલ કોટ વિસ્તારની બહાર આવતી હોવાથી મ્યુનિ.થી કેન્દ્રના હેરિટેજ વિભાગમાં તેને સ્થાન આપવામાં આવ્યું નથી.

Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL